શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૯

અંક : ૧૨

## વાચક મિત્રો

આગામી વર્ષ ૨૦૦૮માં 'ટપક' શરૂ થયાને દસ વર્ષ પુર્ણ થાય છે. "ટપક" ૧૨૫૦ લોકો કે જે સંસ્થા અને સંસ્થાના કાર્યો સાથે સંકળાયેલ હોય, સંસ્થા કાર્યક્રમોમાંના હિતધારકો તથા લક્ષિત સમુહના વ્યકિતઓ, અન્ય સ્વૈચ્છીક સંસ્થાઓ, એજન્સીઓ તથા સરકારના વિભાગો અને લોક આગેવાનોને મોકલવાનું શરૂ કર્યુ. આ પત્રિકાનુ લવાજમ કે પ્રતિ નકલ કોઈ શુલ્ક રાખવામાં આવેલ નથી.

પ્રથમ અંકમા એક અપીલ કરી કે આ પત્રિકા ચલાવવામાં આર્થિક સહયોગ મળી રહે જેના પ્રત્યુતરમાં શ્રી ઈન્દુકુમાર જાની (નયામાર્ગ)એ જણાવ્યુ કે પ્રથમ ખર્ચ ઘટાડવા પ્રયાસ કરવો. (પ્રથમ અંક આર્ટ પેપરમાં છપાયો હતો) જે વાતને માન્ય રાખી ત્યાર પછી આ પત્રિકાના દેખાવની ચિંતા કર્યા વિના ઉપયોગી વાંચન મળી રહે તેવો પ્રયાસ દસ વર્ષમાં 'ટપક ટીમ' દ્વારા થયો છે.

'ટપક' તૈયાર કરવામાં મહિને રૂા. ૧૩૫૦ થી રૂા. ૧૫૦૦ સુધીનો ખર્ચ થાય છે જેમાં છાપકામ– પોસ્ટેજ ખર્ચનો સમાવેશ થાય છે. આ પત્રિકા માટે હજુ સુધી કોઈ મેન પાવરને લગતો ખર્ચ થયો નથી પરંતુ વર્ષ દરમ્યાન અઢારથી વીસ હજારનો આ પ્રકાશન પાછળ ખર્ચની સામે છેલ્લા નવ વર્ષમાં વાચકો દ્વારા રૂા. ૪૩૩૨૯.૦૦ નો સહયોગ પ્રાપ્ત થયો છે. આ પત્રિકાને ચલાવવા માટે વધુમાં વધુ માસિક રૂા. ૨૦૦૦ની જરૂર રહે તો તેને પહોચી વળવા " ટપક ફંડ" ઉભુ કરેલ છે. આ 'ટપક ફંડ" ની આવક રૂા. ૨૦૦૦ સુધી પ્રતિમાસ થઈ શકે તેવુ 'ટપક ટીમ' ઈચ્છી રહી છે.

વાચકોને અમારી વિનંતી છે કે "ટપક ફંડ" માટે સંસ્થાને શકય તેટલી સહાય મોકલી આપે. સંસ્થાને મળતુ દાન કલમ ૮૦ જી હેઠળ કરમુકિતને પાત્ર છે. આપ ચેક/ડ્રાફટ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામનો અમરેલી ખાતેનો મોકલી શકો છો.

આપ આપની આસપાસની સમસ્યાઓ તેમજ સફળ વાર્તા, કેસ સ્ટડી વગેરે 'ટપક' ના સરનામાં પર મોકલી શકો છો.

*જીવવાનો પ્રારંભ કરો તો જીવન આપમેળે મળશે.*

## ઘરેલુ હિંસાને સાથે મળીને રોકીએ.

પરિવારની અંદર મહિલાને હિંસા મુકત જીવન જીવવાના અધિકારને કાયદાની માન્યતા.

મહિલાઓનો ઘરેલુ હિંસાથી બચાવનો કાયદો ૨૦૦૫

કાયદાની વિશેષતાઓ:

૧.આ આપણા દેશનો પ્રથમ કાયદો છે જે ઘરેલુ હિંસાને કાયદાકીય માન્યતા આપે છે.

૨.આ કાયદો ઘરેલુ હિંસાને મહિલાના માનવ અધિકારોના ઉલ્લંઘન રૂપમાં જુવે છે.

૩.આ કાયદા હેઠળ ઘરેલું હિંસાને રોકવાની જવાબદારી કેન્દ્ર અને રાજય સરકારની બને છે. આ આપણા દેશનો પ્રથમ કાયદો છે જે મહિલાને ઘર (પિયર અને સાસરી બંનેમાં) રહેવાના કાયદાકીય અધિકારને સુનિશ્ચિત કરે છે.

૪.આ કાયદા હેઠળ પારિવારીક સંબંધોમાં રહેતા કોઈપણ છોકરી અથવા મહિલા પછી તે દીકરી બહેન, મા અથવા પત્નિના રૂપમાં હોય તે કાયદાકીય મદદ મેળવી શકે છે. એટલે કે આ કાયદાનો ઉપયોગ પિતા, ભાઈ અથવા પતિ દ્વારા કરવામાં આવતા હિંસાત્મક વ્યવહાર સામે બચાવ માટે સુરક્ષા કવચના રૂપમાં છે.

આ કાયદાના ફાયદા શુ છે.?

૧.આ કાયદો પારિવારીક સંબંધમાં રહેતા હોવા છતાય આપતિજનક વ્યવહારોને સુધારવાનો પુરો મોકો આપે છે.

૨.આ કાયદો તાત્કાલીક અને આપતીજનક કાયદાના રૂપમાં કામ કરશે.

૩.હિંસાત્મક સ્થિતિમાં ઘરેલું હિંસાથી બહાર આવવા માટે મદદ કરે છે અને રાહત આપે છે.

સમયગાળો:

આ કાયદા હેઠળ ઘરેલું હિંસા રોકવા માટે તરત પગલા લેવામાં આવશે એટલે કે ત્રણ દિવસની અંદર કોર્ટમાંથી બચાવકારી આદેશ મળવા આવશ્યક છે.

કાયદાની પ્રક્રિયા.

૧.કોઈપણ મહિલા જે ઘરેલું હિંસાથી પીડિત છે. ખુદ અદાલતમાં મેજિસ્ટ્રેટની સામે જઈને વકીલ, સેવા આપનાર સંસ્થા અથવા રક્ષણ અધિકારીની મદદથી પોતાની સુરક્ષા માટે આદેશ મેળવી શકે છે.

૨.કોઈ પાડોશી, પરિવારનો સભ્ય, દોસ્ત, સંસ્થાઓ અથવા રક્ષણ અધિકારી મહિલાની સહમતી સાથે પોતાના ક્ષેત્રના ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ લખાવી શકે છે. (પોલીસની કોઈ ભુમિકા નથી) અને રક્ષણાત્મક આદેશો મેળવી શકે છે. ત્રણ દિવસની અંદર આ આદેશ આપવા પડશે અને આદેશની સાથે ઘરપકડનું વોરંટ પણ કાઢવામા આવશે. હિંસા કર્તાએ આ આદેશો માનવાના રહેશે આ પ્રક્રિયા બંને પક્ષોને સમય આપે છે કે આ દરમિયાન તેઓ હિંસાત્મક સ્થિતિઓથી બહાર આવે અને પારિવારીક જિંદગીને હિંસામુકત બનાવી રાખવા માટે આપતિજનક વહેવારોથી દુર રહે.

***ઈશ્વર તેમને જ સ્વતંત્રતા આપે છે, જે સ્વતંત્રતાને માહે છે.***

## નીચેની હિંસાત્મક સ્થિતિમાં કાયદો મહિલાને મદદ કરશે.

૧. શારીરિક હિંસા:

કોઈપણ હરકત કે વ્યવહાર જે મહિલાના શરીરને દર્દ પહોચાડે તેની જીંદગી માટે ખતરો ઉભો કરે કે તેના સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય.

૨. જાતિય હિંસા

એવો કોઈપણ આપતિજનક યૌન વ્યવહાર જે મહિલાને કષ્ટ આપે છે અથવા તેના માન સન્માનને ઠેસ પહોચાડે છે.

૩. મૌખીક અને ભાવાત્મક હિંસા

કોઈપણ પ્રકારની બેઈજતી, ડરાવવું, ધમકાવવું, ઉલ્ટાસીધા નામો આપવા, અપમાન કરવું, ખાસ કરીને બાળક ન હોવાને કારણે અથવા દીકરો ન હોવાને કારણે અથવા આવી કોઈ વ્યકિત વિશે તકલીફ પડે તેવા વ્યવહાર જેની સાથે મહિલા ભાવનાત્મક રીતે જોડાઈ હોય.

૪. આર્થિક હિંસા

એવા કોઈપણ આર્થિક સંશાધન પર નિયંત્રણ અથવા તેનાથી વંચિત રાખવી જે મહિલાની જરૂરીયાત છે અથવા તેના પર તેનો અધિકાર બને છે. પછી તે કાયદા હેઠળ હોય કે સામાજિક રિવાજ હેઠળ જે માત્ર ઘર અને બાળકો સુધી જ મર્યાદિત ન હોય. ચાહે તે સ્ત્રીધન હોય, વ્યકિતગત અથવા સંયુકત સંપતિ હોય અને સંયુકત ઘરનું ભાડું અને રખેવાળી હોય.

## કાયદા હેઠળ મળતી રાહત

રક્ષણાત્મક આદેશ

કાઉન્સેલિંગ, ક્ષતિપુર્ણ, ખર્ચા, બાળકોનું સંરક્ષણ રહેવાની જગ્યા (જો જરૂરિયાત હોય) જો મહિલાને વાગ્યું હોય તો તુરંત જ રક્ષણ અધિકારી દ્વારા સ્વાસ્થય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે. જેનો ખર્ચ હિંસાકર્તાના માથે નાખવામાં આવે.

ઘરમા રહેવાનો અધિકાર

આ કાયદામાં મહિલાને ઘરમાં રહેવાનો અધિકાર આપવામાં આવેલ છે, પણ સંપતિ પર અધિકાર નહિં એટલે કે મહિલાને ઘરમાં રહેવાનો મૌખીક અધિકાર છે જેના ઉલ્લંઘન પર તે અવાજ ઉઠાવી શકે છે તથા ઉલ્લંઘન કરનારને સજા પણ અપાવી શકે છે. આ કાયદો મહિલાને તેના ઘર પર કોઈપણ ડર અથવા સંકોચ વગર રહેવાની પુરી સુરક્ષા આપે છે.

૨૪મી નવેમ્બર થી ૧૦ મી ડીસેમ્બર દરમ્યાન ઉપરોકત મુદાઓ આધારિત ઝુંબેશમા ખાંભા તાલુકાના ૨૩ ગામોના યુવાનોને જોડયા હતા. સમાપન સમારોહ તા. ૧૪મી ડીસે.ના રોજ ખાંભા મુકામે યોજવામાં આવ્યો હતો જેમા સરકારની નારી ગૌરવ નીતી, ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૬ પર યુવાનો અને બહેનો સાથે ઝુંબેશ દરમ્યાન થયેલ ચર્ચાઓના નિરાકરણ સૂચવવામા આવ્યા હતા.

*ભલભલો ગુસ્સો સ્મિતભર્યા જવાબથી ભુકો થઈ જાય છે.*

**ખેડુતો સાથે**

એક ખેડુત સાથે વાત કરતો હતો. અચાનક તેમણે પણ ખેતીના પાકો પર ચર્ચા શરૂ કરી. સૌરાષ્ટ્રના ખેડુતો હમણા સુધી અલગ અલગ પાકો લેવા માટે જાણીતા હતા. તેઓ બાજરો, મકાઈ, તલ, મગફળી કપાસ ઉપરાંત શાકભાજી અને કઠોળના વાવેતર કરતા શિયાળુ, ઉનાળુ પાકમાં પણ ઘઉ, જીરૂ, ડુંગળી, શેરડી, બાજરી, મગફળી અને શાકભાજી વિગેરે દરેક પાકમાં રસ ધરાવતા હતા. દેશ–પરદેશની સંશોધિત જાતોથી ઉત્પાદન વધવાની આશાએ ખેડુતો તેના તરફ પ્રેરાયા.

છેલ્લે જીનેટીકલી મોડીફાય ક્રોપ કે જે જનીનીક ફેરફારો દ્વારા તૈયાર કરવામાં આવેલ બિયારણોથી થાય છે. જેમાં ઉત્પાદન ખર્ચ ઘટે અને વધુ ઉત્પાદન મળે તેવા પ્રલોભનોમાં ખેડુતો અટવાયા. મને લાગે છે કે એકાદ–બે વર્ષ પછી બીટી કોટન વાવવા કોઈ ખેડુત તૈયાર નહી થાય, તેમ આ ખેડુતે પોતાની વાતચીત દરમ્યાન જણાવ્યુ. મેં કહયુ કે જનીનીક ફેરફાર વાળા બિયારણ વાવવાથી તેમાં રોગ પ્રતિકારક શકિત હોવાના કારણે દવાનો છંટકાવ, ખાતર કે અન્ય માવજતનો ખર્ચ બચે છે અને ઉત્પાદન વધુ આવે તો તમે એમ કહો છો કે તે એકાદ–બે વર્ષ પછી કોઈ વાવશે નહી. તેમણે દલીલ કરી કે ગુજરાતમાં આ પાકોથી હજી કોઈ આંખને દેખાય તેવુ જોખમ જોવા મળ્યુ નથી, પરંતુ આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર વિગેરે રાજયોમાં ખડુતોના અનુભવો સારા નથી અને અહી પણ લાગે છે કે આગળ જતા જોખમો આવી શકે. ઉપરાંત આ પાકોમાં હવે દવાના છંટકાવ, ખાતર–બિયારણના ઉંચા ભાવો અને માવજતની ગણતરી કરીએ તો તે પાકોના ઉત્પાદનના ભાવો છેલ્લા વર્ષમા વધવાને બદલે ધટયા છે અને ઉત્પાદન ખર્ચ વધ્યો છે તો આમાં ખેડુતને નુકશાન જઈ રહયુ છે જેથી ખેડુતોને પરંપરગત પાકો તરફ વળવું પડશે.

આપણા તંત્રના વિભાગો, બિયારણ–ખાતર –દવાઓ સાથે સંકળાયેલી દેશી–વિદેશી કંપનીઓએ સાચી વાત ખેડુત સમક્ષ રાખવી જોઈએ. પરંતુ તેમ થતુ નથી ઉપરાંત ભ્રમિત પ્રચાર ખેડુતને ગુમરાહ કરે છે અને ખેડુત અસંમજસ જેવી સ્થિતિમાં મુકાય છે. મોટા ભાગના ખેડુતો મારા જેવી મનોસ્થિતમાં છે પણ ઉકેલ હાથ વગો નથી. તમારા જેવા ઘણાં લોકો સજીવ ખેતિની વાત કરે છે પરંતુ હવે ખાડનુ ખાતર તૈયાર કરવાનું ખેડુત કુટુંબના સભ્યોને પહેલા જેટલુ અનુકુળ નથી. અળસીયાનુ ખાતર તૈયાર કરીને નાખવુ પડે તેના કરતા તો પહેલા અળસીયા ખેતીની જમીનમાંજ હેરફેર કરી ખાતર બનાવતા હતા

તે સ્થિતિ હવે રહી નથી, તેટલા માટે જ અળસીયાનુ ખાતર ખરીદીને નાખવું ખેડુતને ગમતુ નહી હોય. ખાડનુ ખાતર પણ મહેનત વગર થાય નહી. ખેડુત પોતાના સંસાધનોનો ઉપયોગ (જેવા કે ખેતિ સાથે પશુપાલન એકબીજાને પુરક રહેતા–બિયારણ જાતે બનાવતા, ખાતર–દવાની પધ્ધતિઓ પણ કુદરતી ઉપલબ્ધિઓ અને પોતાના અંકુશ હેઠળની બાબતો સાથે સંકળાયેલી હતી) કરવાનું ઓછુ કરીને પરાધિનતા તરફ જઈ રહયો હોય તેમ લાગે છે, તેમ જણાવ્યુ હતુ.

ગયા વર્ષે મને અરવીંદ મીલના એક પ્રતિનિધિ નાગપુરમાં મળી ગયા તેમણે મહારાષ્ટ્રના અમુક વિસ્તારમાં કપાસના વાવેતર અને તેના ઉત્પાદન ખરીદીમાં પોતે રસ લઈ રહયા છે તેમ જણાવ્યુ. ખેડુતોને તે માટે જરૂરી ટેકો પુરો પાડી રહયા છે તમે પણ તમારા વિસ્તારમાં કહો તો અમે ખેડુતો સાથે વાત કરીએ. મે ખાંભા તાલુકાના ખેડુતોને પુછયુ તો તેમણે અત્યારે બીટીનુ એવું ઘેલુ લાગ્યુ છે કે આ કપાસનુ વાવેતર કરવા તૈયાર થયા નહી.

જાપાનની રેડીમેડ કપડા બનાવતી કંપનીના મેનેજર તથા અન્ય બીજી બે કંપનીના ડાયરેકટર એ રાજકોટ માર્કેટયાર્ડ, કોટન ઈન્ડસ્ટ્રીજ તથા જીનીંગમીલ વિગેરેની મુલાકાત લીધી હતી. તેઓ આપણા દેશી કપાસના અભ્યાસ અર્થે આવ્યા હતા. અહીના કપાસની ગુણવતા જોઈ. તેઓ અહીથી યાર્ન બનાવી જાપાન લઈ જશે અને તેમાંથી રેડીમેઈડ કપડા તૈયાર કરશે તેવા સમાચાર અખબારોમાં હતા.

ઉપરોકત બંને કિસ્સા આપણી પરંપરાગત ખેતિ, દેશી બિયારણ, દેશી ખાતરના ઉપયોગથી થતા પાકોની ગુણવતાને આવકારે છે. જયારે આપણે ટુંકા રસ્તાઓ શોધવામાં મશગુલ છીએ. આ ટુંકા રસ્તાઓના જોખમોની આજે આપણને ખબર ન હોવાના કારણે તરત મળતી સફળતા ના નશામાં રાચીએ છીએ. જે ભવિષ્યમાં નુકશાન કારક બની શકે છે.

ટુંકા ગાળામાં મળતા ઝડપી લાભો લેતા પહેલા તેની દરેક બાબતો ચકાસીએ. નિષ્ણાંતોના અભિપ્રાય લઈએ અને પછી આગળ વધીએ, તેવા નિષ્કર્ષ પર આવી અમે અમારો સંવાદ પુર્ણ કર્યો હતો.

– ડી.વી.વાગડીયા

એક વૃધ્ધે કહયુ કે, મને મારો પુત્ર જે ખવરાવે છે તે ખાવ છુ. જેમ રાખે તેમ રહુ છુ. હુ કોઈને સલાહ આપતો નથી. જો સલાહ માંગે તો આપુ છુ પરંતુ પછી મારી સલાહ પ્રમાણે જ વર્તે છે કે નહી તેની ચિંતા કરતો નથી.

***સ્વસ્થ મન એ મનુષ્યની સાચી સંપતી છે.***

## સર્વોદય પાત્ર

આજે આપ સૌ આગળ એક વિચાર મુકી રહયો છુ આપ એ બાબતે થોડોક વિચાર કરી અમલમાં મુકો તેવી વિનંતી છે.

આપણા શાસ્ત્રમાં ભગવાને કહયુ છે કે, હું દીન–દુઃખીયાના શરીરમાં વાસ કરૂ છુ. નિરાધાર–અશકતને મદદ કરવી તે મારી પુજા કરવા બરાબર છે.

એક વૃધ્ધના કમરામાં જવાનું બન્યુ દરરોજ ચુલો સળગતો નથી, પણ હું ખાનદાન કુટુંબનો છુ તેથી લાંબો હાથ કદી કરી શકતો નથી. ભુખે મરી જઈશ પણ ભીખ નહી માંગુ. હું કેવો પાપી છુ કે મારા પેટનો ખાડો પુરી શકતો નથી.

આવી સ્વમાન પુર્વક જીંદગી જીવનારા આ બગસરા તાલુકામાં અનેક અશકત નિરાધાર વૃધ્ધો હશે. આપણે શું આવા દુઃખી લોકોની જઠરાગ્ની ઠારવાનુ નહી વિચારીએ? શુ આપણી માનવતા મરી પરવારી છે? આલીશાન મંદીરોમાં મદદ કરશું કે આવા જીવતા જાગતા પરમાત્માને મદદ કરીશુ ? મારા મહિલા મંડળ ની બહેનો આ બાબતે વિચાર કરવા માંગતા હો તો આપ આગળ એક વાત મુકવા માંગુ છુ.

સંત વિનોબાએ સમગ્ર દેશની જનતાને સર્વોદય પાત્રનો વિચાર આપ્યો હતો જે નીચે મુજબ છે.

આપણે દરરોજ સાંજે જયારે જમવા બેસીયે ત્યારે એક મુઠી અનાજ એક અલગ પાત્રમાં આપના બાળક હસ્તક નખાવવુ, પરિણામે બાળકમાં બાળપણમાંથી જ સદકાર્યમાં સહયોગ આપવાના સદગુણનો વિકાસ થશે.

દરરોજ અલગ પાત્રમાં અનાજ નાખી, એકઠુ કરવામાં આવે છે તે મહીલા મંડળની બહેનોની રાત્રે જે માસીક મીટીંગ મળે ત્યારે અનાજ એકઠુ કરવામાં આવશે.

આ અનાજ ગામના કે બહાર ગામના અશકત–નિરાધાર જે કમાણી કરી શકે તેમ નથી તેવા લોકોને એક રૂપિયે કિલો અનાજ આપવુ. જરૂર જણાય તો વિના મુલ્યે આપવુ પણ તે સ્વમાન સાથે આપવુ દયાના ભાવથી નહીજ. આ અનાજ વેચાણના જે પૈસા આવે તે ગામના જે બાળકો આર્થિક મુશ્કેલીના કારણે અભ્યાસ કરી શકે તેમ ન હોય તેવા બાળકોને અભ્યાસમાં મદદ માટે આપવા.

આમ આ કાર્યક્રમથી ત્રિવીધ લાભ થશે.

૧. આપના બાળકમાં જરૂરિયાતમંદને મદદ કરવાની ભાવનાનો વિકાસ થશે.
૨. સ્વમાન પુર્વક જીવન જીવતા નિરાધાર અશકત લોકોની જઠરાગ્ની ઠરશે.
૩. આર્થિક મુશ્કેલી અનુભવતા પરિવારના બાળકો સારી રીતે અભ્યાસ કરી શકશે.

આ કાર્યક્રમ શરૂઆતમાં અઘરો લાગશે પણ મનમાં એક સંકલ્પ કરશું તો સો ટકા સફળતા મળશે.

દેવચંદ સાવલિયા
વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ–બગસરા.

***જે ધીરજ ધારણ કરી શકે છે તે ધાર્યું કામ પાર પાડી શકે છે.***

**સંસ્થા સમાચારઃ**

હાલના આ વિકસીત સમયમાં HIV/AIDS વિકરાળ સમસ્યા બની રહી છે. ગ્લોબલ એઈડસ એપીડેમીક ૨૦૦૬નાં એક રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ૩૮.૬ મિલીયન લોકો એચ.આઈ.વી. થી પ્રભાવીત છે અને લગભગ ૨.૮ મિલીયન લોકોમૃત્યુ પામ્યા છે.

લોકો આ બધી પરીસ્થિતીથી વાકેફ હોવા છતા જાતીય સંબંધ સમયે બેદરકારી દાખવેછે તેમની વર્તણુંકમા ફેરફાર લાવતા નથી.ટુંકા ગાળામાં HIV/ AIDS ના વધારેને વધારે કેસો બહાર આવી રહયા છે. એઈડઝ ગ્રસ્ત લોકોને આપણો સમાજ સ્વીકારતો નથી જેથી જયારે આવા લોકોની ઓળ ખાણ થાય છે ત્યારે તેઓ માટે સમાજમાં રહેવુ ખુબજ મુશ્કેલ બની જાય છે. ઉપરોકત સમસ્યાઓને ધ્યાનમાં રાખીને

૧. સમાજ સ્તરની એક રણનીતી બને.
૨. વર્તણુંકમાં બદલાવની સમજ ઉભી થાય
૩. તેમનાં પ્રશ્નોને ઓળખે અને જાતેજ નિરાકરણના પગલા લે.

તેવા ઉદેશથી તા. ૧૮ થી ૨૦ ડીસેમ્બર દરમ્યાન એક તાલીમ હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટમાં સહયોગી સંસ્થાના માધ્યમથી તેમજ માર્ગદર્શનથી યોજવામા આવી.

આ તાલીમમા સ્ટેપીંગ સ્ટોન મેથડનો ઉપયોગ કરવામા આવ્યો હતો.

તાલીમાર્થીઓ તરીકે સ્વૈ. સંસ્થાના કાર્યકરો, વિદ્યાર્થીઓ સહિત એચ.આઈ.વી. પોઝીટીવ વ્યકિતઓ, એમ.એસ.એમ (સજાતિય સંબંધ ધરાવતા પુરૂષો) તથા કોમર્સીયલ સેકસ વર્કર (દેહ વ્યાપાર કરતી મહિલાઓ) જોડાયા હતા. રમતો અને કવાયતો દ્વારા લર્નીંગ – શેરીંગ – કેરીંગ – ચેન્જીંગ જેવા સ્ટેપ્સ સમજયા હતા. સત્ય સુંદર મિશ્રા તથા હેતલ ગોસ્વામીએ તાલીમનુ સંચાલન કર્યુ હતુ. બિપીનભાઈ જોષી તથા મહેન્દ્રભાઈ સંઘવીએ જરુરી માહિતી આપી હતી.

**કાર્યકર્તાઓની અન્યત્ર સામેલગીરી**

| તારીખ | વિગત |
|---|---|
| ૧ ડીસેમ્બર | પાક વીમા માટેનો વર્કશોપ– અમદાવાદ |
| ૨૪–૩૦ ડીસેમ્બર | પેરાલીગલ તાલીમ – અમદાવાદ |
| ૨૬ ડીસેમ્બર | એકલનારી સંમેલન – અમદાવાદ |
| ૨૬–૨૮ ડીસેમ્બર | પ્રેરણા પ્રવાસ – ચેન્નાઈ |

***શિસ્ત સફળતાની માતા છે, અને સલામતી પત્ની છે.***

## હાથ પગ વાપરવા

માણસની વૃતિઓ ચંચળ છે, તેનુ મન ફાંફા માર્યા કરે છે, તેના શરીરને જેમ વધુ આપીએ તેમ વધારે માંગે છે, વધારે લઈને પણ સુખી નથી થતુ. ભોગ ભોગવતા ભોગની ઈચ્છા વધતી જાય છે. તેથી પુર્વજોએ હદ બાંધી. ધણા વિચારો કરીને જોયું કે સુખ દુઃખ મનના કારણ છે. તવંગર તે તવંગીરીના કારણથી સુખી નથી. ગરીબ તે ગરીબાઈના કારણથી દુઃખી નથી. તવંગર દુઃખી જોવામાં આવે છે ગરીબ સુખી જોવામાં આવે છે.

હજારો વર્ષ પહેલા જે હળ હતુ તેથી આપણે ચલાવ્યુ. હજારો વર્ષ પહેલા જેવા આપણા ઝુંપડા હતા તે આપણે કાયમ રાખ્યા. હજારો વર્ષ પહેલા જે આપણી કેળવણી હતી તે ચાલતી આવી. આપણે નફાકારક હરિફાઈ રાખી નહી. સહુ સહુનો ધંધો કરતા રહયા તેમાં તેઓએ દસ્તુર મુજબ કામ લીધુ. આપણને કઈ સંચા વગેરે શોધતા ન આવડે તેમ ન હતુ, પણ આપણા પુર્વજોએ જોયુ કે સંચા વગેરેની જંજાળમા માણસો પડશે તો પછી ગુલામજ બનશે ને પોતાની નીતિ તજશે. તેઓએ વિચારપુર્વક કહયુ કે આપણે હાથે પગે જે બને તેજ કરવું. હાથ પગ વાપરવામાં ખરુ સુખ છે તેમાં જ તંદુરસ્તી છે.

*– સાભારઃ હિંદ સ્વરાજ*

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

**ટપક કાર્યાલય :**
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,**
**૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,**
**ગોકુલ પાર્ક સામે, અમરેલી-૩૬૫ ૬૦૧.**
Tel/Fax : 02792-223525
E-mail : hard_ad1@sancharnet.in

***સાચો માણસ ભીતરથી કદી એકલો નથી હોતો.***